અમેરિકા જઈને કમાણી કરીને પાછા આવેલ નાગરિકોના સ્વદેશી જીવન કાંઈ જુદા જ હોય છે. પાટલૂનને બદલે 'ચડ્ડો' પહેરે! મોંઘી જાતનું એકાદ કૂતરું તો પાળે જ! 'દેશી' લોકો એમને તુચ્છ અને દેશીઓ માટે રમતરમતમાં ગાળ ઉચ્ચારે. આવો એક 'અમેરિકન ઈન્ડિયન' ગુમ થાય છે અને એના પલંગ પર પડેલી મળે છે અજાણ્યા યુવકની લાશ...

ઈશ્વરે જણાવેલું કે શેઠને મારે ફટકારવો પડશે!

ગભરાશો નહીં દિનકરે ખાતરી આપી, 'તમારા પર અમે કશો આરોપ નથી મૂક્યો પણ તારકભાઇના ઘરમાંથી એક અજાણ્યા આદમીની લાશ મળી આવી છે, કદાચ તમે અગાઉ ક્યારેક આ માણસને જોયો હોય

પરદેશી!-૩

રહસ્ય ચક્ર

★ યશવંત મહેતા

જોગાનુજોગ, એ વખતે બપોરની ટપાલ વહેંચવાનો સમય હતો. એક ટપાલી આ તરફ નીકળ્યો પણ ખરો. એક કોન્સ્ટેબલે એને રોકીને અજય સમક્ષ ઊભો કરી દીધો. એની સાથેની વાતચીતથી જાણવા મળ્યું કે આશરે પિસ્તાલીસની ઉંમરનો ઈશ્વર ગરીબ હતો. પરંતુ ગરમ સ્વભાવનો હતો. ક્યારેક હું અહીં પાણી પીવાને બહાને એની સાથે વાતે વળગતો ત્યારે એ જણાવતો કે તારક શેઠના કંજૂસ વેડાથી હું કંટાળી ગયો છું. તારક નાની નાની ભૂલો બદલ મોટા ઠપકા આપી દેતો. અને એક વાર તો ગાળ દેવા સુધી ગયેલો! ત્યારે ઈશ્વરે મને જણાવેલું કે ક્યારેક શેઠને મારે ફટકારવો પડશે!

'એટલે આપણે વહેલી તકે હારીજની હવા ખાવી પડશે', રાધિકાએ જાહેર કર્યું.

અજયે તેમાં સંમતિ આપી. એટલે એ આખો દિવસ તો બધાં આ કેસને અનુસંધાને નાનાં મોટાં કાગળિયાં ચીતરતાં રહ્યાં. પરંતુ વળતે દિવસે પોલીસ વાન લઈને હારીજ જવા ઉપડ્યા. ત્યાં ફરતા કૂવાની શેરીમાં કેટલીક પૂછપરછ શરૂ કરી. નાના ગામોનાં રહેવાસીઓની એક માનસિકતા વિશિષ્ટ હોય છે. એને આપણે 'સ્થાનિક વફાદારીયાને લોકલ લોયલ્ટી ગણી શકીએ. ખાખી લૂગડાં જોઈને તેઓ પ્રથમ તો કશા સીધા અને સાચા જવાબો જ નથી આપણતા. જે કોઈ પણ વ્યકિત વિશે પોલીસ પૂછપરછ કરે તેની ગતિવિધિ અંગે અજાણપણું જાહેર કરે છે. જો કે પોલીસ આખરે પોલીસ છે. એને મૂંગાનેય બોલતાં કરતાં આવડે છે! એટલે આખરે જાણવા મળ્યું કે ગામમાં રઈબેન નામની એક વિધવા રહે છે તે ગામના એકલિયા નોકરિયાતો-મજૂરોને જમાડવાની વીશી ચલાવે છે. એને ઘેર થોડા દહાડાથી કોઈ 'મહેમાન' આવેલ છે...



ગુનાશોધકો ઝપાટાબંધ રઈબેનને ઘેર પહોંચ્યા. ત્યાં એમને ઈશ્વર મળી ગયો. એ રઈનો ભાઈ હતો.

'તમે તારક દેસાઈના માળી હતા?' અજયે પૂછ્યું.

'હા, સાહેબ. માળી અને રસોઈયો અને નોકર... દાઢીની દાઢી અને સાવરણીની સાવરણી... પૂરા બે વરસ મેં એની ગુલામી કરી, સાહેબ.'

'પછી?'

'પછી આવતો રહ્યો. નથી કરવી તારી નોકરી જા!'

'ક્યારે આવતા રહ્યા?'

'ગયે સોમવારે સવારે, સાહેબ.'

'તારીખ યાદ છે?'

'તારીખ તો... હા, બરાબર... અઠયાવીસમી હતી.'

'તમે કેમ આવતા રહ્યા?'

'ઝઘડો થઈ ગયેલો. આદમીનો મિજાજ માતેલા સાંઢ જેવો હતો. બે વરસ તો મેં સહન કર્યું. ગયે રવિવારે મારાથી કાચની એક ડિશ ફૂટી ગઈ. એમાં તો જાણે એની મત મરી ગઈ હોય એટલો કજિયો કર્યો. મને ગાળ દીધી. સાહેબ? ગાળ? એટલે મેંય પછી તો એનાં મા બાપ સમાણી ગાળ જોખી. એ કહે કે એક મહિનામાં બીજે નોકરી ગોતી લેજે. મેં કીધું કે જાહન્નમમાં જા તું અને જાય તારો મહિનાનો પગાર. હું તો અબઘડી જાઉં છું. ગામડે.'

'એટલે તમે આવતા રહ્યા?'

'હાસ્તો! હું કાંઈ નિરાધાર થોડો જ છું! મારી બેનનું અહીં ઘર છે. એની વીશીમાં કામ કરું તો એય મને રાખે. આ તો એમ કે બેનને કે મને કોઈ મહેણું મારી ન જાય...'

'અમદાવાદ છોડતાં પહેલાં કોઈ બીજાને કાગળ લખેલો?'

'હા. મહેસાણામાં મારો એક ભઈબંધ રહે છે. એણે મને કહી રાખ્યું છે કે તારે કદીક નોકરીની જરૂરપડે તો મને લખજે. કશીક જોગવાઈ થશે. મેં એને કાગળ લખી નાખ્યો અને લખ્યું કે હવે હું હારીજમાં છું.'

'અમદાવાદનું ઘર તમે કયે ટાઈમે છોડયું?'

'સવારના દસ વાગે બેગ ઉઠાવી. પછી તો તારક શેઠને ઘણો પસ્તાવો થવા લાગેલો. કહે કે આટલી સારી નોકરી છોડીને જાય છે, પણ પસ્તાઈશ... મેં કહી દીધું કે જે થવાનું હોય એ ભલે થાય.'

'એ દિવસે તારક શેઠને ઘેર કોઈ મહેમાન આવવાના હતા?'

'એમણે તો એવું કશું નહિ કહેલું.'

'તમે સોમવારે જતા રહેવાના છો એવું દૂધવાળાને કે છાપવાળાને કહેલું ખરું?'

'ના, સાહેબ.'

'ફરી વાર યાદ કરો. ચોક્કસ કોઈને નહિ કહેલું?'

'ના, સાહેબ, રવિવારે સવારે શેઠ સાથે કજિયો થયો ત્યાં લગી મનેય ખબર નહોતી કે મારે એ ઘર છોડવાનું છે.'

આ વાતે અજયને જરા મૂંઝવી નાખ્યો. કારણ કે જેણે રાજભવન સોસાયટીમાં હત્યાઓ કરી એ માણસને ખબર હોવી જોઈએ કે ઘરમાં તારક દેસાઈ સિવાય બીજું કોઈ નથી. અથવા કદાચ શુદ્ધ જોગાનુજોગને કારણે આમ બન્યું હોય.

'અચ્છા, ઈશ્વરલાલ' અજયે વાત પૂરી કરતાંકહ્યું, 'તમારે આજ ને આજ અમદાવાદ આવવું પડશે. ત્યાં એક માણસનું શબ જોઈને ઓળખવું પડશે.'

'શબ? કોનું? તાક શેઠનું?' ઈશ્વર ગભરાયો.

'ના, શબ તારક શેઠનું નથી. તારક દેસાઈ તો સાઠેકના હતા, ખરુંને? આ તો કોઈ જુવાન આદમી છે.'

'પ...પ...પણ...'

'ગભરાશો નહીં' દિનકરે ખાતરી આપી. 'તમારા પર અમે કશો આરોપ નથી મૂક્યો, પણ તારકભાઈના ઘરમાંથી એક અજાણ્યા આદમીની લાશ મળી આવી છે, કદાચ તમે અગાઉ ક્યારેક આ માણસને જોયો હોય.'

ઘણી સમજાવટ અને ધીરજ આપ્યા પછી ઈશ્વર અમદાવાદ આવવા તૈયાર થયો.

સૌ અમદાવાદ પહોંચ્યા. શબગૃહમાં પડેલ મૃતદેહને જોઈને ઈશ્વરે કહ્યું, 'આ માણસને મેં જોયો હોય એવું લાગે છે... હા... એક વાર એ અમારે ઘેર... તારક શેઠને ઘેર આવેલો. પણ ક્યારે એ યાદ નથી. નામઠામ પણ યાદ નથી.'

એટલે પોલીસે ઈશ્વરને હારીજ પાછા જવાની જોગવાઈ કરી આપી.

અજય વર્મા અને દિનકર દેસાઈ કેટલાય દિવસો સુધી દ્વિધામાં અટવાતા રહ્યા. ઈશ્વરલાલ માળીએ મરહૂમને ક્યારેક જોયો હોવાનું જણાવ્યું, પરંતુ એનાં નામ ઠામ યાદ નથી એવું પણ કહ્યું. અને એની ઓળખ નિશ્ચિત કરવામાં અન્ય કશાં સાધન તો જણાતાં નહોતાં. એના કપડા તપાસવામાં આવ્યા. કપડા બે રીતે માનવીની ઓળખમાં મદદરૂપ બનતા હોય છે. એક તો દરજીના કે કપડા બનાવનારના લેવલ પરથી અને બીજું ધોબીની નિશાનીઓ પરથી. ધોબી બંધુઓ ઘણુંખરું અભણ હોય છે. પરંતુ પોતાની વિવિધ ગ્રાહકોના કપડાને ઓળખવા માટે એક ખાસ સંજ્ઞાલિપિ એમણે વિકસાવી હોય છે પરંતુ નહીં મરહૂમના કપડાપરથી એવી કશી સંજ્ઞા કે લેવલ પણ ન મળ્યાં. આવું બને ત્યારે ગુનાશોધકો ઈશ્વરની મદદ માટે પ્રાર્થના કરે છે, અને અહીં પણ ઈશ્વર જ મદદે આવ્યો!! હારીજના પેલા ઈશ્વરલાલ માળીને એક ચોક્કસ યાદ આવી ગઈ અને એને માનવી તરીકેની ફરજ યાદ આવી ગઈ, એટલે એક સગાને લઈને એ અમદાવાદ આવ્યો. દિનકરને અને અજયને એણે માહિતી આપીઃ 'પેલે દિવસે મ... મ... મડદું જોઈને મને કાંઈક કાંઈક થઈ ગયેલું. તરત યાદ ન આવ્યું. હવે... જુઓ આ માણસ અમારે ત્યાં... એટલે તારકશેઠને ઘેર આવેલો ત્યારે એણે અમારા ટેલિફોનનો ઉપયોગ કરેલો. એ વખતે એણે ટેલિફોન પેલી ભીંત પાસે... ટેલિફોન ગાંધીજીના પેલા મોટા ફોટા નીચે ટીપોય પર છે, બરાબરને? તમને એ ઘર જોવાનું યાદ છે ને?... ત્યાં એણે એક ટેલિફોન નંબર ભીંત પર લખેલો. મેં પછીથી એ નંબર ભૂંસવા કોશિશ કરેલી. પણ કોણ જાણે કેવીય પેનથી એણે નંબર લખેલો. મારાથી ભૂંસાયો નહિ. પારકા ઘરની ભીંત ઉપર આમ લખાપટ્ટી કરવાની એની આદત બદલ મને ખીજ ચડેલી. પણ શેઠનો એ મહેમાન હતો એટલે... તમે જો એ નંબર જોડો તો મરનાર આદમીની કશીક ઓળખ...'

ઈશ્વરલાલે આથી વિશેષ કહેવાની જરૂર નહોતી, અજય એન્ડ કંપની થોડામાં ઘણું સમજી જાય એવી છે. ઈશ્વરલાલને બસ ભાડા ઉપરાંત થોડુંક ઈનામ આપીને તેમજ શાબાશી આપીને સૌએ રાજભવન સોસાયટીભણી દોડવાની તયારી કરી.

તારક દેસાઈના ઘરની ભીંતે સાચે જ એક ફોન નંબર લખાયેલો મળી આવ્યો. ઈશ્વરે એ ભૂંસવા કોશિશ કરેલી, એથી હવે એ નંબર ઝાંખો પડી ગયો હતો. પરંતુવંચાતો હતો. ગુનાશોધકોએ પહેલાં તો ટેલિફોન ખાતામાં તપાસ કરાવી. ત્યાંથી ખબર મળ્યા કે એ ફોન નંબર વિવેક લશ્કરી નામના નાગરિકને નામે નોંધાયેલો હતો. ટેલિફોન ખાતાની નોંધો પરથી જ જણાયું કે વિવેક નારણપુરા વિસ્તારનીએક સોસાયટીમાં રહેતો હતો. એટલે ગુનાશોધકોએ વિવેકની મુલાકાત લેવાનું ઠરાવ્યું. પરંતુ એ લોકો ત્યાં જાય એ અગાઉ તો સિવિલ હોસ્પિટલના શબગૃહમાંથી સમાચાર આવ્યા કે મરનારને ઓળખનાર એક વ્યકિત મળી આવી છે.

વાત એમ હતી કે પોલીસ ખાતાએ મરનારની 'બિનવારસી લાશ'ની તસવીરો અખબારોમાં છપાવી હતી અને એને આધારે એક યુવતી સિવિલ હોસ્પિટલે આવી હતી. એણે લાશને વિવેક લશ્કરનીની લાશ તરીકે ઓળખી હતી અને જણાવ્યું હતું કે મરનાર મારો ભાઈ છે! આમ, બબ્બે કડીઓ એક સાથે મળી આવતા દિનકર તો બે હાથ જોડીને ઈશ્વરનો ઘણો ઘણો આભાર જ માનવા લાગ્યો. પરંતુ ત્યારે જ પોલીસ સ્ટેશનમાં હાજર અજયે એની પીઠ થાબડી. કહ્યું કે ગાંડિયા, પોલીસ સ્ટેશનને પ્રાર્થનાગૃહ બનાવવાની જરૂર નથી. અને આમ હાથ જોડીને પ્રાર્થના કરવાથી કશું નહિ મળે. હાથ પણ અને હૈયું હલાવીએ! ચાલ, માર્ગ સુપરિન્ટેન્ડન્ટ મળીએ.

માર્ગ સુપરિન્ટેન્ડન્ટે યુવતીનું નામ માલતી જણાવ્યું અને એના ઘરનું સરનામું આપ્યું.

ગુનાશોધકો માલતીને દ્વારે પહોંચ્યા.

(ગુનાશોધનનું કામ કેવું અઘરું છે, એ દર્શાવતી આ રહસ્યકથા આગામી સપ્તાહે સમાપ્ત કરીશું.)